વ્યાખ્યાન
૨૬

જૈન સાહિત્યના અભ્યાસનો અમૂલખ અવસર આંગણે આવીને ઉભો છે.

જૈન સાહિત્ય એકેડેમી ટ્રસ્ટ સહર્ષ રજૂ કરે છે... જૈન સાહિત્યનો એકવર્ષીય સર્ટિફિકેટ કોર્સ

## વ્યાખ્યાન વિષય :

# મહાકવિ પુષ્પદંતકૃત 'णायकुमार चरिउ'ની વિશિષ્ટતા

## વક્તા પરિચય



વક્તા:
પ્રો.ડૉ. જિનેન્દ્ર કુમાર જૈન

વિદ્યાઅધ્યવસાયી વ્યક્તિત્વ ધરાવનાર પ્રો.ડૉ. જિનેન્દ્ર કુમાર જૈને પ્રાકૃત અને જૈનવિદ્યા ક્ષેત્રે અનેક ઉમદા કાર્યો કર્યા છે. તેઓએ જૈન વિશ્વભારતી સંસ્થાનમાં સહાયક આચાર્ય અને સહ-આચાર્યની સેવા આપતા લગભગ ૨૦ વર્ષો સુધી પ્રાકૃત અને જૈનવિદ્યાનું નિરંતર અધ્યાપન કરાવ્યું છે. છતાં ૨૦૧૨થી મોહનલાલ સુખડિયા વિશ્વવિદ્યાલય-ઉદયપુરમાં જૈન વિદ્યા અને પ્રાકૃત વિભાગમાં અધ્યક્ષ અને આચાર્ય પદે પોતાની સેવાઓ આપે છે. સાથે સામાજિક વિજ્ઞાન મહાવિદ્યાલયના અસોસિએટ ડીનના પદને પણ સુશોભિત કરે છે. તેઓએ યુજીસી અંતર્ગત સંશોધન કાર્ય કરીને સંપાદન કર્યું છે. તેમના માર્ગદર્શનમાં ૨૦ જેટલા વિદ્યાર્થીઓ પીએચ.ડી થઇ ગયા છે અને ૮ વિદ્યાર્થીઓ પીએચ.ડીમાં કાર્યરત છે. તે ઉપરાંત તેઓએ આશરે ૬૫ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય પરિસંવાદોમાં પોતાના વ્યાખ્યાનો આપ્યા છે. વિવિધ સામયિકમાં તેમના ૬૦ જેટલા શોધપત્રો પ્રકાશિત થયા છે અને એ ઉપરાંત તેમની પાસેથી ૧૧ પુસ્તકો પ્રાપ્ત થયા છે.

## વ્યાખ્યાન સંક્ષેપ

અપભ્રંશ ભાષામાં રચિત 'णायकुमार चरिउ' એક એવી કૃતિ છે, જેમાં ભારતીય ચક્રવર્તીની કથા છે. દસમી સદીના મહાન કવિ પુષ્પદંતની મહાપુરાણ અને યશોધર અન્ય રચનાઓ છે. વારસા રૂપે મળેલ પુષ્પદંતની આ રચના ધર્મને ઉજાગર કરે છે. દાર્શનિક વિશિષ્ટતા સાથે આ રચના ઐતિહાસિક રીતે કૃષ્ણ અને ચક્રવર્તીના ગુણોનું આલેખન પણ કરે છે. તેમાં કાલિયાનો વધ નાયક દ્વારા નથી થયો, પરંતુ નાગદેવોને વશમાં કરીને શિક્ષા-દીક્ષાની વ્યવસ્થા નાયકના જીવનમાં થતી જોવા મળે છે. આમ દસમી સદીમાં રચિત આ કૃતિ આપણા વૈરાગ્યનો ભાવ જન્માવે છે.

**૧૬ જાન્યુઆરી ૨૦૨૧**
**શનિવાર, સમય રાત્રે ૮ થી ૯**

કોર્સ સંચાલક – ડૉ. સેજલ શાહ

## Zoom Meeting Details

Click Here

Meeting ID: 890 0779 0733
Password: 232678

આજ સુધી થયેલા પ્રાથમિક કોર્સના
૧૨ વ્યાખ્યાનોની યુટ્યુબ લિંક:

Click Here

**મહત્વપૂર્ણ સૂચનો**

- ઓનલાઈનના આ કોર્સમાં દરેક ક્લાસ વખતે બરાબર સમય ઉપર જ જોડાવા વિનંતી.
- આપના પ્રશ્નો કોમેન્ટ સેક્શનમાં પૂછવા. બાકી મ્યુટ પર જ આપ રહેશો.
- હેડફોનનો ઉપયોગ હિતાવહ છે.

આમંત્રક: જૈન સાહિત્ય એકેડેમી ટ્રસ્ટ | પ્રેરક : સી.કે.મહેતા

ટ્રસ્ટીગણ: દીપક મહેતા | ઈલા મહેતા | સેજલ શાહ | ભારતી મહેતા | યોગીની શેઠ | બકુલ ગાંધી | દિલીપ શાહ | બિપીન દોશી